

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચૂંટણી આવે, ને અનામતનું ભૂત જાગે છે..!*
*સત્તા-ભૂખ્યા નેતાઓ કોમ માટે હક માગે છે -*
*વાગે છે નગારાં બંધના તાગે પક્ષની શક્તિ -*
*રેડાય રક્ત, કેસ - કબાલાથી દૂર ભાગે છે...*

હાઈકુ

*હવે શીખ્યા છે,*
*બધા ધંધાદારીઓ -*
*દબાવે નાક...!*
*(હડતાળનું હથિયાર)*

*જીતે ચૂંટણી -*
*'ન્યાય'ના સહકારે,*
*સત્તાધારીઓ...*
*(હાર્દિક જેલમાં)*

### ચિંતન

**ધનેન મદવૃદ્ધિઃ સ્યાન્મદેન સ્મૃતિનાશનમ્ ।**
**સ્મૃતિનાશાદબુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

ધનથી અભિયાન વધે, અભિમાન વધવાથી સ્મૃતિ નાશ પામે, સ્મૃતિનો નાશ થતાં બુદ્ધિ નાશ પામે, અને બુદ્ધિનો નાશ થવાથી મનુષ્યનો નાશ થાય છે.

ધનના અભિમાનથી વિવેકબુદ્ધિ - સારાસાર જાણવા - વિચારવાની મનની શક્તિનો નાશ થાય છે એને બુદ્ધિનો નાશ કરવા કહેવાય છે.

બુદ્ધિ વિનાનો બળદ પોતાને બળવાન સમજે છે પણ સંપત્તિના નાશ સાથે એ માંદલા મનનો માલિક બની રહે છે.

### સુવિચાર

- પારકી પીડામાં એ હંમેશાં સહભાગી બને છે, હું એવી વ્યક્તિને ચારિત્ર્યવાન સમજું છું - **રોહિત શાહ**
- ગુલામી બે પ્રકારની હોય છે, એક બહારની અને બીજી ભીતરની, બહારની ગુલામીને મજબૂરી કહેવાય, ભીતરની ગુલામીને માંદગી - **એસ. ભટ્ટાચાર્ય**
- અખબાર અને વ્યાસપીઠ બંને ટ્રાન્સપેરન્ટ હોય તો સમાજને સાચું ગાઈડન્સ મળે છે, પરંતુ જો એ બંને સેલ્ફ સેન્ટર્ડ હોય તો સમાજ મિસ ગાઈડ થતો રહે છે - **રમેશ ઓઝા**
- આપણી લુચ્ચાઈએ અને આપણી સડેલી દાનતમાંથી નીપજેલી ખામીઓ પ્રદૂષિત હોય છે એને ઢાંકવા માટે દંભ જરૂરી છે - **ડોંગરેજી**
- જે બુદ્ધિ સંમત ન હોય તથા જે નીતિમત્તાથી વિરુદ્ધ હોય એવો કોઈ પણ ધાર્મિક સિદ્ધાંત મને માન્ય નથી - **ગાંધીજી**
- સમાધાન તો દરેક સમસ્યાની પાછળ ને પાછળ આવતું જ હોય છે, પરંતુ આપણે સમસ્યા માટે અસ્વસ્થ થઈ જવાને કારણે દિશાહીન બનીને ભટકી જઈએ છીએ - **સુધા મૂર્તિ**
- આજનું ઔષધ : વીંછીના ડંખ ઉપર હીંગ અને પાણીનો લેપ કરવાથી દુઃખાવો તરત ઓછો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ધંધાદારી હત્યારો એક માણસનું ખૂન કરવા તૈયાર થાય છે. હત્યારો પોતાનો શિકાર નિયત સમયે નિર્ધારિત જગ્યાએથી પસાર થશે તેની પ્રતિક્ષા કરતો ઝાડીમાં છૂપાઈને બેઠો હતો. એવામાં પેલો માણસ નીકળ્યો. હત્યારાએ ગોળી છોડી... પણ નિશાન ચૂક થતા... ગોળી છાતીમાં વાગવાની જગ્યાએ પગમાં વાગી. પોતાની જાન બચાવવા પેલો માણસ ભાગ્યો અને ઝાડીમાં છૂપાઈ ગયો. થોડીકવારમાં હત્યારાએ માણસને શોધી કાઢ્યો ત્યારે પેલા માણસે હત્યારાનો પ્રતિકાર કરવાને બદલે કહ્યું, 'ભાઈ હું મરવા તૈયાર છું પણ મને મારી નાખતા પહેલા એટલી ચોખવટ કર કે તેં મને કેવી રીતે શોધી કાઢ્યો ? હત્યારો હસી પડ્યો એણે કહ્યું, 'ભલા માણસ, તમારા પગમાં લાગેલી ગોળીથી પડેલા જખ્મમાંથી રસ્તા પર ટપકેલા લોહીના ટીપાને અનુસરતો હું આગળ વધ્યો અને તમને પકડી પાડ્યા.' પેલા માણસે ગંભીર થઈને કહ્યું, 'એમ વાત છે તો મને હવે જલ્દીથી ગોળી મારી મારી નાખો...' હત્યારાએ પૂછ્યું, 'મને આશ્ચર્ય થાય છે કે તમને મોતની જરાય બીક નથી લાગતી?' પેલા માણસે કહ્યું, 'મારું લોહી પણ મારી સાથે વફાદારી નિભાવવા તૈયાર ન હોય તો પછી એવી જિંદગી પ્રત્યે મોહ રાખવાનો શો અર્થ ?'

# 'ઝેર તો પીધાં જાણી જાણી'

**તંત્રીસ્થાનેથી...**

મૂળે તો આ મીરાંબાઈના ભજનની પંક્તિ છે - 'નથી રે પીધાં અણજાણી, મેવાડા રાણા ! ઝેર તો પીધાં જાણી જાણી.' એને ખબર હતી કે રાણાએ તો એનું કાસળ કાઢવાના ઈરાદાથી કાલકૂટ વિષનો જ પિયાલો મોકલ્યો હતો. મીરાંને ખાતરી હતી કે એનો વૃંદાવન વિહારી એને સાચવી લેશે. જે થશે તે સારું જ થશે, એવા દૃઢ વિશ્વાસ સાથે મીરાં ઝેરનો કટોરો ગટગટાવી જાય છે. એની કશી જ વિપરીત અસર નથી થતી. એ મીરાંની કૃષ્ણ ભક્તિનો ચમત્કાર થયો. જમ્મુ અને કાશ્મીરનાં મુફ્તીનંદિની મહેબૂબાને સહાય કરવા એવા કોઈ કૃષ્ણ નવરા નહોતા. એટલે એમણે જે ઝેરનો કટોરો જાણી જોઈને પીધો એની આડઅસર કાળક્રમે થઈને જ રહી. ભારતીય જનતા પાર્ટી અને મુફ્તી મોહંમદ સઈદની પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીની કાશ્મીર નીતિ કે પાકિસ્તાન સાથેના સંબંધો વિશેના અભિગમમાં કોઈ કાળે તાલમેલ સંભવ નહોતો. પીડીપી તો જમ્મુ અને કાશ્મીરની અબ્દુલ્લા પરિવારની મોનોપોલી સામે ઊભી થયેલી પ્રજાકીય પાર્ટી હતી. ખીણના મુસ્લિમોને મુફ્તી મોહંમદ સઈદમાં નવો મસીહા દેખાવા લાગ્યો હતો. સૌમ્ય અને સાલસ પ્રકૃતિના આ કાશ્મીરી નેતાની પાકિસ્તાન પૉલિસી ખુદ અલગતાવાદીઓની આકાંક્ષાઓ વ્યક્ત કરતી હોઈ તેમની પાર્ટી ડૉ. ફારુખ અબ્દુલ્લાની નેશનલ કૉન્ફરંસ કરતાં વધુ લોકપ્રિય બની ગઈ. એક સમયે મુફ્તી મોહંમદ સઈદને વિશ્વનાથ પ્રતાપ સિંહની સરકારમાં દેશના ગૃહપ્રધાન જેવું મહિમાવંતુ પદ પણ સાંપડેલું. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી પદે અન્ય મુખ્યમંત્રીઓની સરખામણીમાં વધુ વખણાયેલા મુફ્તી ૨૦૧૬માં અવસાન પામ્યા તે પૂર્વે એમણે એવી ઈચ્છા વ્યક્ત કરેલી કે પીડીપીએ કોંગ્રેસ કે ભાજપ વચ્ચે કોઈ તફાવત માનવાની જરૂર નથી. જમ્મુ અને કાશ્મીરના હિતમાં જે પાર્ટી કેન્દ્રમાં સત્તા પર હોય એની સાથે 'કૉમન મિનિમમ પ્રોગ્રામ' જેવું ગઠબંધન કરી મુખ્યપ્રવાહ સાથે કનેકશન જાળવવામાં જ કાશ્મીરનું શ્રેય છે, એવો અભિગમ ખુદ ડૉ. ફારુખ અબ્દુલ્લા પણ રાખા રહ્યા છે. મહેબૂબાએ મોડે મોડે પિતાની એ શિખામણને પગલે ભાજપ સાથે ગઠબંધન કર્યું અને આખી દુનિયાને આશ્ચર્યમાં મૂકી દીધી. ગઠબંધન સરકારમાં ભાગીદાર થયેલ ભારતીય જનતા પાર્ટીને કાશ્મીરમાં પગપેસરો કર્યાનો ઉન્માદ ચડ્યો પરંતુ એક તબક્કે એને મુફતી સરકારમાંથી ફારેગ થવાનો આકરો નિર્ણય લેવો પડ્યો. મહેબૂબાએ ભાજપ સાથે ગઠબંધન કર્યું તે એમના જીવનની એક મોટી ભૂલ સાબિત થઈ. એમનો અધવચ્ચે જ ગાદી છોડવાની ફરજ પડી. ભાજપ સાથે બેઠાં એથી તેઓ પીડીપીના શુભેચ્છક મતદાર સમુદાયમાં પણ થોડાં અપ્રિય બની ગયાં. આખરે ભાજપની મૂળ છાપ તો મુસ્લિમ વિરોધી રાજકીય સંગઠનની જ રહી છે. આ બધું સમજતાં મહેબૂબાને સારો એવો સમય લાગ્યો. એમણે ભાજપ સાથે બેસવાનો નિર્ણય કર્યો તેને જાણી જોઈને ઝેર પીધા જેવી ઘટના ગણાવીને આગામી લોકસભા વખતે ભાજપ સામે ઝનૂનપૂર્વક લડશે એવો સંકેત પાઠવી દીધો છે. જમ્મુ અને કાશ્મીરના બેઉ પ્રાદેશિક પક્ષો કાશ્મીર માટેની કલમ ૩૭૦ સહિતના મુદ્દાઓ પર એક સાથે છે. ભાજપ દેશમાં સહાનુભૂતિ મેળવવા ફરી એક વાર આ કલમ હટાવવાનો મુદ્દા એવા ઢંઢેરામાં સમાવશે તો પણ પીડીપી સાથેનું ગઠબંધન અને સરકારમાં કરેલી ભાગીદારીનો મુદ્દો તો એની સામે બૂમરેંગ થઈને જ રહેશે.

# કુદરતના નિર્ણય સામે દરેકે નમતું જ જોખવું પડે છે



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

**મૃત્યુ પછી ક્યાં કોઈ કશે ભાગે છે,**
**તેમ છતાં લોક મડદાનેય બાંધે છે.**

મૃત્યુ એ એક સનાતન સત્ય છે. આપણે સૌ મૃત્યુથી વાકેફ છીએ જ અને છતાં કોઈ અંગત સ્વજનનું મૃત્યુ જીરવવા અસમર્થ છીએ. દરેકનો એક દિવસ આ અનંતયાત્રાએ ચાલી નીકળવાનું છે જ એ બાબત સર્વવિદિત છે અને મૃત્યુને સ્વીકારવાના દરેકના પ્રયાસ અલગ-અલગ હોવા છતાં હેતુ સૌને એક સમાન જ હોય છે !

'ગિરનારનાં પગથિયાં પર ઠબ ઠબ લાકડીઓ ટેકા લેતી આવતી હતી. નાનાં છોકરાંને તેડીને બે મજૂરણો ચાલી આવતી હતી. એમના બોલ મોતી જેવા વીણી શકાતા હતા. બેમાંથી એક ડોશીનો બોલ પકડાયો : 'શું કરું બાઈ ? ગાંડી થઈ જાઉં તો મલક ઠેકડી કરશે કે રાંડ હારીને ગાંડી થઈ ગઈ. એટલે જ રોજ ડુંગરા ચડવા - ઉતરવા રિયા.'

જુવાનજોધ દીકરાઓના અકાળ મોત પછી સંસારમાં એકલી થઈ પડેલી શ્રમજીવી મા ઉપવાસ ન થાય તે સારું ઉદ્યમમાં જ મસ્ત છે.

●●●

ત્રણ ડોળીવાળી ગિનનારની પહેલી ટૂક પર ચોથાની રાહ જોતા હતા.

'આવ્યા, આવ્યા. બાપુ આ આવ્યા.' બોકાનીદાર એક ખડતલ મરદ આવી પહોંચ્યો. 'આહીં ધૂણે આવો. બાપુ, જરા તાપી લ્યો. ચા પી લ્યો.'

મૂંગા મરદે તાપ્યું. ચા પતાવી ડોળી લઈને ચાર મરદો પગથિયાં ઊતરવા લાગ્યો. અરધો રસ્તો કપાયો તેટલામાં જ 'બાપુ' નો જીવન ઈતિહાસ જડી ગયો. ચાર દીકરા, દીકરાના પણ જુવાન પરણાવેલા દીકરા, ચાલી નીકળ્યા હતા. દીકરાની ને દીકરાના દીકરીની વહુઓ જુદાં ઘર માંડી મજૂરીએ ચડી ગઈ હતી. બાપુ એંશી વર્ષની અવસ્થાએ ડોળીઓ ચડાવતા - ઉતારતા રહ્યા છે. એમનો જીવનસંતોષ એક જ હતો : સાઠ વર્ષથી જાત્રાળુ બાયું - બોન્યુંનો ગરનાર ચડાવ્યો - ઊતરાવ્યો છે. કોઈની સામે કે'દી ય નજર માંડી નથી. કોઈને કે'દી કષ્ટ દીધું નથી. આઘું પાછું વેણ કહ્યું નથી. ડાળી ઊંચકનાર પચાસ - સો મજૂરોનો નૈતિક આદર્શ આ ઈસ્માઈલ બાપુ છે. એમની આપવીતીમાં એ શ્રમજીવીઓની મહાગાથા છે. મૂંગું રહેવામાં જ માનવતાનું ગૌરવ સમજનાર એ ડુંગર જેવડું દુઃખ પચીસ-પચીસ સાથીઓની મૂંગી દિલસોજીથી મધુર બની ટાંટિયામાં જીવન-વાટ ખેંચવાનું જોર મૂકે છે.

*- ઝવેરચંદ મેઘાણી'*

મૃત્યુને જીરવી જનારા આવા હિંમતભર્યા વડીલો સાવ નાની - નાની બાબતમાં જીવ દઈ દેનારા આજના નવયુવાનો માટે એક ઉદાહરણરૂપ છે. આટ-આટલી કપરી પરિસ્થિતિમાં પણ હાર ન માનનારા લોકો મૃત્યુને પણ વામણું કરી બતાવે છે. મૃત્યુનો ભય દરેકને હોય છે પણ મૃત્યુ પામ્યા બાદ પાછળ રહી જનારની પીડા, તેના આત્મવિશ્વાસ અને હિંમતની સાચી કસોટી થતી જણાય છે. અને અત્યંત અસહ્ય એવી આ પીડાને મનમાં જ ધરબી દઈએ આપણે સૌએ જીવનના, કુદરતના આ ક્રમને સ્વીકારીને આગળ વધી જવું પડતું હોય છે અને એ વધુ કષ્ટદાયક હોય છે. કુદરતના નિર્ણય સામે દરેકને નમતું જ જોખવું પડતું હોય છે.

**Last Seen :**

જેને મૃત્યુ કહે લોક... એ કેવળ નવી ગતિ...

*- હસિય બૂચ*

- nehalgadhavi101@gmail.com

# સરકારી કર્મચારીના કાર્યો અને ચારિત્ર્ય નિર્દોષ સિધ્ધ કરવા બાબત



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ગુજરાત રાજય સેવા શિસ્ત અને અપીલ નિયમો ૧૯૭૧ મુજબ સરકારી કર્મચારી બદનક્ષી ભર્યા આક્ષેપો સામે પોતાના સરકારી કર્યો કે ચારિત્ર્યને નિર્દોષ સિધ્ધ કરવા માટે કોર્ટનો કે વર્તમાન પત્રોનો આશરો લઈ શકે છે. કોર્ટનો આશ્રય લેવાની મંજુરી આપતી વખતે દરેક કેસમાં કોર્ટ કાર્યવાહી અંગુનું ખર્ચ સરકારે પોતે ભોગવવું કે સરકારી કર્મચારીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને એમ કરવામાં આવતા ચુકાદો સરકારી કર્મચારીની તરફેણમાં આવે એ પરિસ્થિતિમાં કોર્ટે તેને કોઈ ખર્ચ વળતર અથવા નુકશાની અપાવે એનાથી વધુ ખર્ચ તેને થયુ હોય એવા પ્રસંગે સરકારે તેને તે પુરેપુરૂ ભરપાઈ કરવું કે તેનો અમુક ભાગ ભરપાઈ કરવો તેને નિર્ણય સરકાર કરશે.

કોઈ સરકારી કર્મચારીને તેના અંગત ચારિત્ર્યને કે તેની અંગત હેશિયતથી તેણે કરેલા કોઈપણ કાર્યને નિર્દોષા સિધ્ધ કરવામાં તેને બાધક બનતો હોવાનુ લેખાશે નહિ અને તેના અંગત ચારિત્ર્યને અથવા તેના અંગત હેશિયતથી તેણે કરેલા કોઈપણ કાર્યને નિર્દોષ સિધ્ધ કરવા માટે કોઈ પગલુ લેવામાં આવ્યું હોય તો સરકારી કર્મચારીએ આવા પગલા અંગેનો અહેવાલ સત્તાધિકારીને રજુ કરવાનો રહેશે. કોઈપણ સરકારી કર્મચારી જેમાં તે નોકરી કરતો હોય અથવા જેમાં તત્પુરતો તેને નોકરીમાં રાખવામાં આવ્યો હોય તે ખાતા અથવા કચેરીના હુકમ દ્વારા અથવા તે હેઠળ તે સમયે સત્તામાં હોય એવા કોઈ કાયદાની જોગવાઈઓ અનુસાર કોઈપણ મિલ્કત ખરીદવા અથવા હરાજીમાં તેને માટે બોલી મુકવા અથવા તેની માલીકી ધરાવવા બાબત કાયદાની જોગવાઈ અનુસાર વેચવામાં આવે અથવા હરાજી કરવામાં આવે એવી મીલ્કત જાતે કે એજન્ટ દ્વારા અથવા તેના પોતાના નામે કે બીજાના નામે અથવા સંયુકત રીતે કે બીજાઓની સાથે ભાગમાં ખરીદી શકશે નહિ કે હરાજીમાં તેને માટે બોલી મુકી શકશે નહિ.

પોતે ધારણ કરતો હોય તેવા કોઈપણ અદાલતી અથવા કારોબારી હોદ્દાને કારણે પોતાની પાસે કોઈપણ સ્વરૂપમાં અથવા સંભવ હોય તેવા કોઈ ખાનગી કેસમાં સરકારી કર્મચારી લવાદ તરીકે કામ કરી શકશે નહિ. કોઈપણ કર્મચારીથી પોતાનું હિત પાર પાડવાના અથવા સરકાર હેઠળની તેની નોકરીને સ્પર્શતી કોઈપણ બાબત અંગેની પોતાની ફરીયાદ નિવારવા હેતુથી કોઈપણ ઉપરી અધિકારી સાથે દરમ્યાનગીરી કરવામાં આવે એ હેતુથી વિધાન મંડળનો કોઈ સભ્ય અથવા અન્ય બીનસરકારી વ્યક્તિઓનો સંપર્ક સાધવા કોઈપણ રાજકિય અથવા બહારની વગનો ઉપયોગ કરી શકશે નહિ અથવા ઉપયોગ કરવા પ્રયત્ન કરી શકશે નહિ.

કોઈપણ સરકારી કર્મચારી જેનું સભયપદ અમુક કોમ અથવા કોમના સમુદાયની વ્યક્તિઓ પુરતુ જ મર્યાદિત રાખવામાં આવ્યું હોય એવી કોઈપણ સંસ્થાની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે નહિ કે તેની સાથે સંપર્ક રાખી શકશે નહિ પછી ભલે એ સંસ્થાની પ્રવૃત્તિઓ સામાજીક અથવા શૈક્ષણિક પ્રકારની હોય પરંતુ સરકારી કર્મચારીઓને સરકારની અગાઉથી પરવાનગી મેળવીને ધાર્મીક અથવા નૈતિક ઉદ્દેશ ધરાવતી સંસ્થાઓમાં ભાગ લેવાની છુટ આપી શકાશે સરકારનો નિર્ણય આખરી ગણાશે.


કોઈપણ સરકારી કર્મચારીઓથી સરકારની પૂર્વ મંજુરી મેળવી હોય તે સીવાય ગ્રંથાલયો, હોસ્પિટલો અને શાળાઓ જેવી જાહેર સંસ્થાઓ અને માર્ગો સાથે અથવા શિલ્ડ-ઈનામ અથવા કપ જેવી વસ્તુઓ સાથે પોતાનું નામ જોડી શકશે નહિ અથવા જોડવાની છુટ આપી શકાશે નહિ. સરકારી કર્મચારી તેની સાથે રહેતા હોય તેવા તેના પર પૂરેપૂરા આશ્રીત હોય એવા તેના કુટુંબીજનોને તેનું નામ આપી કોઈ સંસ્થા અથવા વસ્તુ સાથે જોડવાની છુટ આપી શકાશે નહિ.

કોઈપણ સરકારી કર્મચારી જેનો પતિ કે પત્ની હયાત હોય એવી કોઈપણ વ્યક્તિ સાથે લગ્ન કે લગ્નના કરાર કરી શકશે નહિ અને જેનો પતિ કે પત્ની હયાત હોય તેવા કોઈપણ સરકારી કર્મચારીથી બીજી કોઈપણ વ્યક્તિ સાથે લગ્ન કે લગ્નના કરાર કરી શકાશે નહિ. પરંતુ આવા કર્મચારી અને લગ્નથી જોડાતી સામી વ્યક્તિને લાગુ પડતા અંગત કાયદા હેઠળ આવા લગ્ન કરવાની છુટ હોય અને તેમ કરવા માટે બીજા કારણો હોય દરેક સરકારી કર્મચારીએ એ જોવું જોઈએ કે તેના બાળકોની સંખ્યા ત્રણથી વધવી જોઈએ નહિ પરંતુ ૧૯૭૭ ના ઓકટોમ્બર મહિનાની ૩૧ મી તારીખે જેને ત્રણ કરતા વધુ સંતન હોય તે સરકારી કર્મચારીઓને આ નિયમમાંનો કોઈ જ નિયમ લાગુ પડશે નહિ.

સત્તાની સોંપણી હેઠળ સરકાર દ્વારા અથવા કોઈ તમામ કે કચેરીના વડા દ્વારા અમલ કરી શકાય એવી કોઈપણ સત્તાનો અમલ હુકમના કોઈ શરતો દર્શાવવામાં આવે એવા અધિકારી અથવા સત્તાધિકારી સત્તાની સોંપણી કરી શકશે અથવા સરકારી હુકમથી ફરમાવી શકશે. આ રીતે રદ થયેલા નિયમો હેઠળ કરવામાં આવેલા હુકમો અથવા લેવામાં આવેલું પગલુ આ નિયમોની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલા હુકમો અથવા લેવામાં આવેલા પગલા તરીકે ગણાશે.

આ રીતે નિપક્ષો રદ થવાથી રદ થયેલા નિયમોના પૂર્વ અમલને અસર થશે નહિ અને સદરહુ નિયમો પૈકી કોઈપણના ભંગ બદલ આ નિયમોના ભંગ હોય એમ ગણીને શિક્ષા કરી શકાશે ગુજરાત રાજય સેવા શિસ્ત અને અપીલ નિયમો ૧૯૭૧ ગુજરાતના નામદાર રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે જાહેર નિયમો જાહેર કરવામાં આવેલ છે.

# ફાસ્ટ બોલર ઈમરાનની રાજકારણમાં સ્લો બેટિંગઃ હવે નવા આંચકા



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

પાકિસ્તાનના મુખ્ય પક્ષોના અબજોપતિ રાજનેતાઓમાં ગરીબ ગણાય એવા અને માત્ર ૩૮.૬ મિલિયન પાકિસ્તાની રૂપિયાની કુલ સંપત્તિ ધરાવતા ઈમરાન ખાન વડાપ્રધાન થઈને પોતીકા રાષ્ટ્રને પવિત્ર કુંઆનના આદર્શો મુજબનું કેવું "મુસ્લિમ કલ્યાણ રાજય" બનાવે છે, એના ભણી વિશ્વની નજર છે. આતંકી જૂથોને રાજી કરવા અત્યારે અમેરિકાને ભાંડનારા, ભારતવિરોધી ભૂમિકા માંડનારા, લશ્કરી દળોના લાડકા અને ચીનને વહાલા થતા ખાન સત્તા સંભાળ્યા પછી પાકિસ્તાની પ્રજા માટે કેવા "અચ્છે દિન" લાવે છે, એની સૌને પ્રતીક્ષા ખરી.સંયોગ પણ જુઓ કે પાકિસ્તાનની ચૂંટણીનું પરિણામ ભારતમાં કારગિલ વિજય દિવસે જ આવ્યું. વડાપ્રધાનપદની નજીક પહોંચીને ઈમરાને પહેલું સંબોધન કર્યું એમાં ભારત સાથે સંબંધ સુધારવા અને કાશ્મીરનો પ્રશ્ન મંત્રણા દ્વારા ઉકેલવાની વાત તો કરી,પણ એ દિશામાં નક્કર પગલાં લેવાની બાબતમાં કેટલા આગળ વધી શકાશે એ લશ્કરી દળોને હાથ છે.ઉપરાંત તળિયાઝાટક તિજોરી ધરાવતા પાકિસ્તાનની વહારે આવેલું ચીન પણ ખૂબ નિર્ણાયક ભૂમિકા ભજવશે.ચીન પોતાને ભારતની સ્પર્ધામાં મને છે એટલે અમેરિકા અને ઈઝરાયલ ભણી ઢળતા ભારત સાથે પાક-ચીનની ધરી ખટરાગ ચાલુ રાખશે. વિદેશ સંબંધો અને પાડોશી દેશો વચ્ચે ઉતાવળ ઝાઝી કામ લાગતી નથી અને નિવેદનોમાં સંયમ જળવાય છે.એટલે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે નવાઝ શરીફ યુગ જેટલી ઉષ્મા નહીં વર્તાય.

**હવે તો નીવડે વખાણ**

દુનિયાભરમાં ફાસ્ટ બોલર તરીકે મશહૂર ઈમરાન ખાને એકાદ દાયકા લગી કેપ્ટન રહી પાકિસ્તાનને ૧૯૯૨માં ક્રિકેટ વર્લ્ડ કપ અપાવીને ક્રિકેટને અલવિદા કહી. એ પછી પહેલીવાર નિકાહ કરવાની મોકળાશ અનુભવી. અત્યાર લગી બબ્બે વાર તલાક આપ્યા પછી પોતાની આધ્યાત્મિક માર્ગદર્શિકા સાથે ત્રીજીવાર નિકાહ કરીને પાકિસ્તાનના વડાપ્રધાનના હોદ્દે આરૂઢ થતા અને પ્લેબોયની છબિ ધરાવતા ખાન માટે જ નહીં પાકિસ્તાન માટે પણ મહાપરિવર્તનના યુગનાં મંડાણ છે. સિંધ સિવાયના ત્રણેય પ્રાંતોમાં ઈમરાન ખાનની પાર્ટી અને સરકારનો પ્રભાવ રહેવાનો છે. ભુટ્ટો પરિવારની પાર્ટી પાકિસ્તાન પીપલ્સ પાર્ટીનો સિંધનો ગઢ જળવાયો છે. પંજાબ પ્રાંતમાં સૌથી મોટા પક્ષ તરીકે મિયાં નવાઝ શરીફની પાર્ટી ભલે આવી હોય,લશ્કરે આગોતરી વ્યવસ્થા કરીને શરીફ બંધુઓને ઠેકાણે પાડવામાં સફળતા જરૂર મેળવી છે.આવતા દિવસો આંદોલનો અને હિંસાચાર વધવાની શક્યતાને વડાપ્રધાન ઈમરાન કઈ રીતે સમાધાન ભણી લઈ જશે એ જોવું ખૂબ રસપ્રદ થઈ પડશે.વચનોની લહાણી તો ખૂબ કરી છે,પણ હવે નીવડે વખાણ.

**જનરલ મુશર્રફની ઓફર ફગાવી**

પોતાના દેશમાં યુવાનોના "હીરો" કે "આયકન" રહેલા ઈમરાનને અગાઉ બબ્બેવાર વડાપ્રધાનપદ ઓફર થયું હતું,પણ એ નિયતિમાં માને છે અને એ મેળવવાના ખ્યાલ સાથે ૨૦૧૮માં પાકિસ્તાની લશ્કરના ટેકે એ અંકે કરવાનું પસંદ કરે છે. વર્ષ ૧૯૯૬માં ઈમરાને સૌને ન્યાય અપાવવા માટે પોતાના પક્ષ તેહરિક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ની સ્થાપના કરી. રાષ્ટ્રીય કક્ષાએ તો એ છેક ૨૦૧૩માં પોતાનું વજૂદ સ્થાપિત કરી શક્યા.વર્ષ ૨૦૦૨માં એ વેળાના લશ્કરી શાસક જનરલ પરવેઝ મુશર્રફ થકી ઈમરાનને વડાપ્રધાન બનાવવાનું કહેણ મોકલાયું, પણ એ ગોઠવાયું નહીં.મુશર્રફની ઓફર સ્વીકારવામાં ઈમરાનનું માં માનતું નહોતું.એ પછી તો ઉથલી ગયેલા જનરલ મુશર્રફ સામે જે બેનઝીર ભુટ્ટોની હત્યા કરાવવાનું આળ આવ્યું એની પાર્ટી પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) થકી જોડાણ કરીને ૨૦૧૩માં ઈમરાન ખાનને વડાપ્રધાન બનાવવાની ઓફર પણ આગળ કરાઈ હતી. દિલફેંક મનાતા ઈમરાન ખાન અને બેનઝીરના સંબંધો પણ ચર્ચાસ્પદ રહ્યા છે.

- **અગાઉ બબ્બેવાર વડાપ્રધાનપદની ઓફર છતાં સ્વબળે હોદ્દો સંભાળનું સ્વપ્ન સિદ્ધ થવાનો હરખ**
- **ભારત સાથે મંત્રણા થકી સંબંધ સુધારવાની ઈચ્છા વ્યક્ત તો કરી પણ ચોટલી લશ્કરના હાથમાં**
- **પરાપૂર્વથી શાસકો અને વહીવટીતંત્રમાં પંજાબી આધિપત્ય સ્વીકારનાર પાકમાં પઠાણનું શાસન**
- **અત્યાર લગીની સામંતી વ્યવસ્થાથી ચાલતા ઇસ્લામી દેશને આંચકા આપે એવા દિવસો આવશે**

**ઈસ્લામના ક્રાંતિકારી વિશ્લેષક**

વર્ષ ૨૦૧૩માં ભલે ઈમરાન વડાપ્રધાન બન્યા નહીં,પણ રાષ્ટ્રીય ધારાસભામાં ત્રીજા ક્રમના પક્ષના જૂથનેતા અને ખૈબર પખ્તુન્ખવા (કેપીકે) પ્રાંતમાં તેમના પક્ષની બહુમતી મેળવીને સરકાર જરૂર બનાવી.ઘણા વિશ્લેષકો ભલે ઈમરાન ખાનને "ખાલી ભેજાના" ગણાવાતા હોય,પણ ઈમરાનલિખિત "પાકિસ્તાન : અ પરસનલ હિસ્ટ્રી" વાંચનારને પેલા વિશ્લેષકો ભેજાગેપ લાગ્યા વિના નહીં રહે.ઓક્સફર્ડમાંથી ડિગ્રી મેળવનાર જ નહીં, ત્યાંની યુનિવર્સિટી ઓફ બ્રેડફર્ડના ચાન્સેલર તરીકે વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૪ દરમિયાન સેવા આપનાર ઈમરાન પશ્ચિમની સંસ્કૃતિ અને ઈસ્લામી સંસ્કૃતિના ઊંડા અભ્યાસી છે. તેમની દ્રષ્ટિએ પાકિસ્તાનના બે મહાન સંસ્થાપકો લેખાતા મોહમ્મદ ઈકબાલ અને મોહમ્મદ અલી ઝીણાને અભિપ્રેત ઈસ્લામના માર્ગથી તેમનો દેશ અવળી અને ભ્રષ્ટ દિશામાં ફંટાયો છે. તેમની છણાવટ ભલભલાને પ્રભાવિત કરે તેવી છે.જોકે વડાપ્રધાન બન્યા પછી પણ લશ્કરના ઈશારે નર્તન કરવાનું એમને કેટલું ફાવશે એ કહેવું મુશ્કેલ છે. અત્યારે પાકિસ્તાનમાં સર્વસત્તાધીશ લેખાતા લશ્કર અને તેની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને પડકારનારા મિયાં નવાઝ શરીફને વડાપ્રધાનપદેથી જેલવાસમાં પાઠવી દેવામાં ઈમરાનની આઝાદી કૂચ અને ભ્રષ્ટાચારવિરોધી ઝુંબેશનું નાનુસૂનું યોગદાન નથી. ઈમરાન પાકિસ્તાનની સામંતી વ્યવસ્થા અને ત્રણ-ત્રણ દાયકાની સરમુખત્યારીના અનુભવમાંથી પ્રજાને જગાડીને મુક્ત કરાવવા ઈચ્છુક છે.એમનું આ સ્વપ્ન સાકાર કરવા જતાં એમના વર્તમાન ટેકેદારોને એ નડતા લાગવા સ્વાભાવિક છે.

**પાકમાં પઠાણ પ્રધાનમંત્રી**

અત્યાર લગી પાકિસ્તાન લશ્કર અને વહીવટીતંત્રમાં પંજાબી પ્રભાવ જળવાયો છે.વચ્ચે સિંધી ભુટ્ટો પરિવારનો પ્રભાવ રાષ્ટ્રીય કક્ષાએ રહ્યો પણ એને સહન કરવાનું પંજાબી પ્રજા માટે શક્ય નથી.અત્યારે ભુટ્ટોની પીપીપી સિંધ પર જ હકૂમત કરનારી પાર્ટી બની રહી છે. પાંસઠ વર્ષના ખાન ભલે પંજાબમાં વસતા હોય,પણ મૂળ પઠાણ છે.પાકિસ્તાનમાં પઠાણ આધિપત્યને સ્વીકારવા સામે પહેલાંથી સંકોચ રહ્યો છે.વાયવ્ય પ્રાંત એટલેકે હવેનો કેપીકે આઝાદી પૂર્વે કોંગ્રેસના નેતા ખાન અબ્દુલ ગફારખાન કે બચ્ચા ખાનનો પ્રદેશ હતો. પાકિસ્તાનની રચનાના વિરોધી રહેલા સરહદના ગાંધી મહદઅંશે પાકિસ્તાનની જેલમાં જ રહ્યા હતા.પઠાણ ઈમરાન ખાનનું વડાપ્રધાન થવું એ પાકિસ્તાનની પ્રજા માટે સૌથી મોટો સાંસ્કૃતિક ઝટકો છે. આ વખતની ચૂંટણીને પહેલાંથી અને બેલેટ બોક્સ થકી પણ ફિક્સિંગ હેઠળની ગણાવવામાં મિયાં સાહબના ભાઈ અને પંજાબના મુખ્યમંત્રી રહેલા શાહબાઝ શરીફ જ નહીં,પીપીપીના નેતાઓ પણ અગ્રક્રમે રહ્યા છે. પાકિસ્તાનમાં ચૂંટણીનાં ફિક્સિંગ કોઈ નવીનવાઈની વાત નથી.વર્ષ ૨૦૧૩માં નવાઝ શરીફ વડાપ્રધાન બન્યા ત્યારે ઈમરાન ખાને પણ આજના અસંતુષ્ટોની જેમજ કાગારોળ મચાવી હતી.ખાન જયારે નવાઝમિયાંને ભારતના એજન્ટ ગણાવે છે ત્યારે અસ્સલ અયુબખાન જેમ ફાતિમા ઝીણાને ભારતનાં એજન્ટ ગણાવીને ગેરરીતિઓથી ચૂંટણી જીતવા તત્પર હતા,એનો પડઘો પાડતા અનુભવાય છે. ક્યારેક "તાલિબાન ખાન" તરીકે જાણીતા તથા આર્મી અને અલ્લાહને ટેકે શાસનમાં આવનારા ઈમરાનનો યુગ ભારત સાથેના સંબંધોમાં કોઈ નવી વસંત લાવે એવી અપેક્ષા અસ્થાને છે. જોકે હવેના વિશ્વમંચ પર અણધાર્યા પરિણામો અને કળી ના શકાય એવા નેતાઓનો યુગ બેઠો છે. એટલે ચીનની ગર્ભિત મધ્યસ્થી ભારત-પાકિસ્તાન સંબંધોમાં અથડામણને બદલે સમજણ પણ લાવે.

**ગરીબ વિરુદ્ધ અબજોપતિ શાસકો**

ભારત અને પાકિસ્તાનના ચૂંટણી પંચની વેબસાઈટ પર મૂકાયેલાં ઉમેદવારોનાં સોગંદનામાંનો અભ્યાસ કરીએ તો પ્રશ્ન જરૂર થાય કે ક્યાં ભારતના આજના ગરીબ નેતા અને ક્યાં પાકિસ્તાનના વિદેશોમાં પણ બેસુમાર દોલત ધરાવનારા અબજોપતિ નેતા? મહાત્મા ગાંધી અને સરદાર પટેલની સાદગી સાથે સ્નાનસૂતકનો સંબંધ નહીં રાખનારા ભારતીય શાસકો અને વિપક્ષે બેસનારા રાજનેતાઓ ચૂંટણી લડતી વખતે વગડામાં

અનુસંધાન પાના નં ૭ પર